# તાનારીરી



આપણો પ્રદેશ ગુજરાત તરીકે ઓળખાય તે પહેલાં આનર્ત પ્રદેશ તરીકે પ્રચલિત હતો. વડનગર તેની રાજધાની હતી. પ્રાચીન નામ આનર્તનગર હતું. પછી આનંદપુર અને ચમત્કારપુર તરીકે જાણીતું થયું. એમ કરતાં કરતાં વૃધ્ધનગર અને પછી વડનગર થયું.

આ વડનગર નાગર બ્રાહ્મણોના મોટા સંસ્થાન સમું હતું. નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ત્યાં છે. મોટું મંદિર છે. આ વડનગરની એક વાત જાણીતી છે.

આ નગરમાં વસતા નાગરો કળા-કારીગરી અને સાહિત્ય, સંગીત ક્ષેત્રે આગળ હતા. આ નગરમાં તાના અને રીરી નામની બે નાગર કન્યાઓ વસતી હતી. ત્યારે મોગલયુગના સમ્રાટ શહેનશાહ અકબરનું શાસન પ્રવર્તતું હતું. બાદશાહનો દરબાર નવરત્નોથી સોહામણો હતો. આ નવરત્નો પૈકી સંગીતકાર એવા તાનસેનનું નામ બહુ જ જાણીતું હતું. તેઓ વહેલી સવારે વિવિધ સૂરાવલિઓ ને રાગોનો આલાપ કરતા. રિયાઝ કરતા. એક સમયે અકબરે તાનસેનને કહ્યું કે, મારે દીપક રાગ સાંભળવાની ઈચ્છા છે માટે આપ દીપક રાગ ગાઓ. “દીપક રાગ ગાવો એટલે અગ્નિ સાથે રમત રમવા જેવું હતું. તાનસેને ઘણી ના પાડી, રાગ ગાવાથી શું પરિસ્થિતિ થાય તે સમજાવ્યું પણ બાદશાહ એક ના બે ના થયા. કહે છે ને રાજા, વાજાં અને વાંદરા એ ત્રણેય સરખાં છે. દીપક રાગ ગાવા માટે તાનસેનને મજબૂર થવું પડ્યું. તાનસેને દીપક રાગ ગાવો શરૂ કર્યો અને તેની સાથે તેનું રોમ રોમ ભડકે બળવા માંડ્યું. શરીર દાઝી ઊઠ્યું. રાગ રાગિણીનો આ પ્રભાવ જોઈ અકબર હતપ્રભ બની ગયો.

તાનસેનની મુસીબતનો પાર ન હતો. રાગ દીપકની અસર દૂર કરવા માટે સામે કોઈ મલ્હાર રાગ ગાય તો જ ઠંડક વળે. મલ્હારથી વરસાદ પડે ને શીતળતા વ્યાપે. અગનઝાળ શાંત થાય. તાનસેન બળતાં ઝળતાં આવા કોઈ સંગીતકારની શોધમાં ગામે ગામ ફરવા માંડ્યો. છેવટે તે ગુજરાતના વડનગર ગામે આવી પહોંચ્યો.

વડનગર એ સંગીતજ્ઞોની ભૂમિ હતી. અહીં ઘણા સંગીતકારો, વાજિંદાઓ સંગીતની સૂરાવલિઓ છેડતા તાનસેને નિહાળ્યા અને તેને હૈયે આશા જન્મી કે કોઈ મલ્હાર રાગ ગાનાર આ ગામમાંથી અવશ્ય મળશે. તેઓ વડનગરના શર્મિષ્ઠા (સેમેરા પણ કહે છે) તળાવ પાસેથી નીકળ્યા ત્યારે બે નાગર કન્યાઓને વાત કરતી તેમણે સાંભળી. બે બહેનો તળાવમાંથી પાણી ભરતી હતી. તેમની પાસે જઈને તાનસેને પાણી પીવા માટે માંગ્યું. તાનસેનને ઝડપથી પાણી પીતો જોઈને તાના બોલી, "આ ભાઈએ દીપક રાગ ગાયો હોય તેવું લાગે છે અને દીપક રાગ ગાવાથી દાઝેલા છે." માત્ર પાણી પીવાથી આ બહેનો મારું દુ:ખ સમજી જાય છે તો તેઓ અવશ્ય મલ્હાર રાગ જાણતી હોવી જોઈએ, એમ તાનસેનને લાગ્યું. તાનસેને બધી વાતથી બંને બહેનોને જ્ઞાત કરી. તાનસેનનું દુ:ખ દૂર કરવા બંને બહેનોએ મલ્હાર રાગ ગાયો. વાદળાં ઘેરાયા અને વરસાદ પડ્યો. તાનસેન ભીંજાયા અને બહેનો ચાલી ગઈ. તેઓ આગ્રા પાછા આવ્યા. સમ્રાટ અકબરને બધી વાત કરી. અકબરે આ સંગીતકાર બહેનોને આગ્રા આવવા માટે તેડાં મોકલ્યાં. તાનારીરીને કાંઈક ખરાબ થવાની શંકા જાગી અને બંનેએ આત્મસમર્પણ કર્યું. જીવતાં સમાધિ લીધી. આ બંને નાગર કન્યાઓની સમાધિઓ આજે પણ વડનગરના પાદરે ઊભી છે.

ધન્ય છે તાના રીરીને !

- જગદીશ ધનેશ્વર ભટ્ટ

(ટાબરિયાંની બાળવાર્તાઓ)